# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-03-2025 Day: Monday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-ગુજરાત પ્રવાસે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસના ત્રીજા અને અંતિમ દિવસે આજે સવારે એશિયાઇ સિંહનાં નિવાસસ્થાન ગીર નેશનલ પાર્કમાં સફારી માણશે. ત્યારબાદ વિશ્વ વન્યજીવ દિવસ પ્રસંગે રાષ્ટ્રીય વન્ય જીવ બૉર્ડની સાતમી બેઠકમાં ભાગ લેશે. શ્રી મોદી આ બૉર્ડના અધ્યક્ષ છે.

શ્રી મોદીએ ગુજરાત પ્રવાસના બીજા દિવસે ગઇકાલે જામનગર, સોમનાથની મુલાકાત લીધી હતી. શ્રી મોદીએ જામનગરમાં પશુ રાહત અને પુનર્વસન કેન્દ્ર, વનતારાની મુલાકાત લીધી હતી. ત્યારબાદ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરના દર્શન કરી શાસ્ત્રોક્ત વિધી સાથે જળાભિષેક કરીને પુજા અર્ચના કરી હતી. ત્યારબાદ શ્રી મોદી સાસણ ગીર પહોંચ્યા હતા, જ્યાં તેઓ શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

**-----------------------------------------------------------------------------------------**

## કે.ગૃહમંત્રી-વિજાપુર વિદ્યાભવન

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મહેસાણા જિલ્લાના વિજાપુરના પીલવાઈ ખાતે નવનિર્મિત વિદ્યાભવન અને સાંસ્કૃતિક ભવનનું લોકાર્પણ કર્યું. શ્રી શાહે નવનિર્મિત વિદ્યાભવનમાં સ્માર્ટ ક્લાસરૂમ અને કોમ્પ્યુટર લેબ સહિત વિવિધ વર્ગખંડોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ અગાઉ શ્રી શાહે પિલવાઈમાં શ્રી ગોવર્ધનનાથજીની મૂર્તિના પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

---

## મનસુખ માંડવિયા-પોરબંદર

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે અન્ય રાજ્યનો વિકાસ કરવા માટે ગુજરાતને રોલ મોડલ તરીકે જોવાઇ રહ્યું છે. પોરબંદરના બગવદર ખાતે 96 કરોડ રૂપિયાથી વધુના કામોનું ઈ-ખાતમૂહુર્ત અને 53 લાખ રૂપિયાથી વધુના કામોના ઈ-લોકાર્પણ સમયે શ્રી માંડવિયાએ આમ જણાવ્યું હતું. શ્રી માંડવિયાએ ઉમેર્યું કે કેન્દ્ર સરકારે ખેડૂતોની ચિંતા કરતાં તાજેતરના બજેટમાં પાક ધિરાણમાં વધારો કરીને પાંચ લાખ રૂપિયા કરવાની જોગવાઈ કરાઇ છે. આ પહેલા શ્રી માંડવિયાએ મોકર સાગર વેટલેન્ડની મુલાકાત લીધી હતી.

---

## સી.આર.પાટીલ-નવસારી

કેન્દ્રીય મંત્રી સી આર પાટીલની ઉપસ્થિતિમાં નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ધમડાછા ગામ ખાતે "સરપંચ સાથે સંવાદ" કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે શ્રી પાટીલે સરપંચોને 'જળ સંરક્ષણ – જન ભાગીદારી" અભિયાનમાં જોડાવા અને કેન્દ્ર સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી.  આ અગાઉ શ્રી પાટીલે સુરતના લિંબાયત અને ડિંડોલીને સાંકળતા અત્યાધુનિક રેલવે અંડરપાસનું ઉદ્ઘાટન કર્યું.

---

## ચેમ્પિયન ટ્રોફી

ભારતે ચેમ્પિયન્સ ટ્રોફીની અંતિમ લીગ મેચમાં ન્યુઝીલેન્ડને 44 રને હરાવી વિજયની હેટ્રીક નોંધાવી છે. અગાઉ ભારતે બંગલાદેશ અને પાકિસ્તાન ટીમોને હાર આપી હતી. ગઈકાલની અંતિમ મેચમાં ભારતે 9 વિકેટ ગુમાવી 249 રન કર્યા હતા. શ્રેયસ ઐયરે સૌથી વધુ 79 રન કર્યા હતા, જ્યારે હાર્દિક પંડ્યાએ 45 અને અક્ષર પટેલે 42 રન કર્યા હતા. જવાબમાં ન્યુઝીલેન્ડ ટીમ 205 રન કરી શકી હતી. ભારતીય ટીમનાં વરુણ ચક્રવર્તીએ 42 રન માં 5

વિકેટ ઝડપી હતી. ભારતનો સેમી ફાઇનલ મુકબલો ઓસ્ટ્રેલિયા સામે 4 માર્ચે થશે. બીજી સેમી ફાઈનલ દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે થશે.

---------------------------------------------------------------------------------

## અકસ્માત

કચ્છમાં એક જ દિવસમાં ગઇકાલે ભુજ ખાવડા માર્ગ પર બે અકસ્માતની ઘટનાઓ બની હતી. જેમાં ભુજ-ખાવડા ધોરીમાર્ગ પર બપોરના સમયે મીઠું પરિવહન કરતા બે ડમ્પર સામસામે અથડાયા હતા. આ અકસ્માતમાં એક ડ્રાઈવરનું મોત થયું હતું અને બીજો ડ્રાઈવર ગંભીર રીતે ઘવાયો હતો.

બીજી તરફ ભુજ-ખાવડા માર્ગે વેકરિયા નજીક અકસ્માતમાં એક ટ્રકે એક્ટિવા સ્કૂટર ચાલકને હડફેટે લેતા સ્કૂટર ચાલકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

---------------------------------------------------------------------------------

## PMJAY- યોજના

**PMJAY-**મા યોજના અંતર્ગત લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે ચોવીસ કલાકની હેલ્પલાઇન કાર્યરત કરવામાં આવી છે.

હેલ્પલાઇન નંબર "૦૭૯-૬૬૪૪-૦૧૦૪" પર મળેલી ફરિયાદના નિવારણ માટે, જિલ્લા/કોર્પોરેશન નોડલ ઓફિસર તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને આરોગ્ય મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ, ઇન્સ્યોરન્સ કંપની, કાર્ડ એપ્રુવલ એજન્સીને **SMS** તથા ઇમેલમાં લિંક થકી ફરિયાદની વિગતો મોકલવામાં આવશે.

દર્દીને ફરિયાદના સફળ નોંધણી અને ફરિયાદની સ્થિતિને ટ્રેક કરવા માટે નોંધણી નંબરની જાણકારી આપતો **SMS** રજીસ્ટર્ડ નંબર પર મોકલવામાં આવશે. આ હેલ્પલાઇનમાં ચોવીસ કલાક ટોલ ફ્રી નંબર, યોજનાકીય માહિતી, કાર્ડ એનરોલમેન્ટ સેન્ટરની માહિતી, કાર્ડ બેલેન્સ, હોસ્પિટલોની માહિતી જેવી સુવિધા પણ છે.

---

# કચ્છ યુનિવર્સિટી-સંસ્કૃત મહોત્સવ

ગાંધીનગરની સંસ્કૃત સાહિત્ય અકાદમી અને કચ્છ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના સંયુક્ત ઉપક્રમે આચાર્ય પીતાંબર પંડિત સંસ્કૃત મહોત્સવનું આયોજન કરાયું છે. જે અંતર્ગત કુલપતિ ડો.મોહન પટેલના અધ્યક્ષસ્થાને આજે એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજવામાં આવશે.

---